dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
August 2012 For private circulation only Vol. 04 - Issue 87

હે મારા પ્રભુ ! લોકોના મનમાં એવો ભાવ ભરો, જેનાથી તેઓ રાષ્ટ્રહિતને સ્વ-હિતથી ઉપર માને. હે પ્રભુ ! લોકોને એવું વરદાન આપો જેનાથી તેઓ દિવસ-રાત કર્મ કરે, આ દેશને શાંતિ અને સમૃદ્ધિનો બાગ બનાવવા સાથે વિશ્વ-શાંતિ માટે પણ પ્રયાસ કરે.

ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

પંદરમી ઓગષ્ટ ભારતના ઈતિહાસમાં એક અનેરો અને ઐતિહાસિક દિવસ છે. ગુલામીની જંજીરોમાંથી આપણને મુકિત મળી. સ્વતંત્ર ભારતનો ઉદય થયો. સ્વતંત્રતાની એક નવી અને તાજી હવા સૌ ભારતીયો શ્વાસમાં લેતાં થયાં. ભારતનો ઝંડો વિશ્વનાં આકાશમાં લહેરાવા લાગ્યો. સૌના હૈયે આનંદ અને ઉમંગ છલકાવા લાગ્યો. આઝાદ થવા - સ્વતંત્ર થવા માટે દેશવાસીઓએ ઘણું વેઠયું. કોઈનો લાડકવાયો શહીદ થયો તો કોઈના કપાળનો ચાંદલો ભૂંસાયો. કોઈ સંતાને બાપની છત્રછાયા ગુમાવી પણ છેવટનું પરિણામ એ આવ્યું કે દેશ રાજકીય રીતે એક બન્યો. કમનસીબીના વાદળો વિખેરાયાં એ આપણાં સૌ માટે ઘણી મોટી, આપણી કલ્પનાથી પણ મોટી વાત હતી. ભારતવર્ષના સર્વશ્રેષ્ઠ પુરુષ અને અહિંસા - સત્યના આરાધક મહાત્મા ગાંધી આ બધામાં કેન્દ્ર બિંદુ રહયા. લોકહૃદયમાં એ જ રીતે સ્થપાયા એ તો વિશ્વના ઈતિહાસનું સુવર્ણપૃષ્ઠ બન્યું છે. મહામૂલી સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી ભારત વિશ્વની મહાસત્તા બનવા તરફ આગળ વધી રહયું છે એ આપણા માટે અત્યંત ગૌરવપ્રદ બાબત છે. પણ ગૌરવ લીધા કરવું એક વાત છે અને ગૌરવ ટકાવ્યા કરવું તથા અપાવ્યા કરવું જરા જુદી વાત છે. આપણાં મૂર્ધન્ય સાક્ષર ઉમાશંકર જોષીએ કહયું હતું કે 'આ દેશ તો આઝાદ થતાં થઈ ગયો તે શું કર્યું ? વળીવળીને આ શબ્દો કાળજામાં પડઘાયા કરે છે. સૌ કોઈએ આ પ્રશ્ન પોતાની જાતને પૂછયા કરવાનો છે. પરાધીન સ્થિતિ હટી ગયા પછી આપણે શું કર્યું અને શું કરી રહયા છીએ? હું સ્પષ્ટપણે એવું માનું છું કે કંઈપણ મેળવવું સહેલું છે પણ એ મેળવ્યા પછી તેને ટકાવવું અઘરું છે. જે પ્રજા ઈતિહાસમાંથી બોધપાઠ નથી લેતી એ પ્રજાને એ ઈતિહાસ ફરી જીવવાની સજા ભોગવવી પડે છે. આપણે આપણી રાષ્ટ્રીય પ્રતિષ્ઠા મેળવવા માટે પ્રતિબધ્ધ બનવું પડશે, નહિ તો રાષ્ટ્ર સામે ગંભીર જોખમ ઊભું થવામાં વાર નહિ લાગે. દેશવાસીઓએ એક બનવું પડશે અને નેક બનવું પડશે. જે માટીમાંથી આપણે પેદા થયા છીએ એ માટી પ્રત્યે અપ્રતિમ પ્રેમ દાખવવો પડશે. ઈરાદાઓ બુલંદ બનાવવા પડશે. બહારનાં આક્રમણો અને અંદરના વિખવાદોનો મકકમતાપૂર્વક સામનો કરવો પડશે. બંધારણની પવિત્રતા સાચવવાની સૌની ફરજ છે. સ્વતંત્રતા પ્રત્યે સૌએ આદર કેળવવો પડશે. દૃઢતા અને હિંમતથી ભાષાકીય, જાતીય કે પ્રાદેશિક સંકુચિતતાના પરિબળોને પરાસ્ત કરવા પડશે. સ્વતંત્રતાનો અર્થ સ્વચ્છંદતા નથી એ સમજવામાં ઉતાવળ કરવી પડશે. ભારતીય સંસ્કૃતિની ભવ્યતા, ઉજ્જવળ પરંપરાઓ, સંસ્કૃતિ, સર્વધર્મ સમભાવ, દરિદ્રનારાયણની સેવા, વગેરે શ્રેષ્ઠ તત્વોનો બહોળો પ્રચાર-પ્રસાર કરી એને વધુ મજબૂતી પ્રદાન કરવી પડશે. કોઈપણ દેશ મહાન બને છે એની પ્રજાને કારણે. લોકો મહાન બને એટલે આપોઆપ રાષ્ટ્ર અને સમગ્ર માનવજાત મહાન બને જ બને. જુલાઈ ૨૪, ૧૯૬૬ના દિવસે કનૈયાલાલ મુન્શીએ લખ્યું હતું; 'આજે જયારે ભાષાકીય સંકુચિતતા સર્વત્ર પ્રસરી રહી છે, કાયદો અને વ્યવસ્થા વિષે કયાંય આદર દેખાતો નથી, સત્તાધારી પક્ષમાં અતંત્રતાએ મૂળ ઘાલ્યાં છે, ભાવો વધતા ચાલ્યા છે, અવાસ્તવિક નીતિઓને કારણે અર્થકારણ પડી ભાંગવા આવ્યું છે, આપણી મુશ્કેલીઓનો લાભ લેવા માટે તક શોધતા પાકિસ્તાન અને ચીન જેવા પડોશીઓના ડોળા આપણાં પર મંડાયેલા છે, સામ્યવાદીઓ લોકશાહી તંત્રોનો નાશ કરવાની યોજના કરે છે, આપણો આંતરરાષ્ટ્રીય દરજજો પહેલા જેવો રહયો નથી, લોકોનું ખમીર ખૂટી ગયું છે અને જીવનને જીવવા જેવું બનાવે એવા મૂલ્યો તરફ આદર બતાવતો નથી. મારા આ દેશના ભાવિના વિચારે હું પણ કંપી ઉઠું છું.'

આપણે આ દિવસને ભવ્યતાથી ઉજવીએ પણ આ દેશ દિવ્યતા પ્રાપ્ત કરે એ માટે કાર્યશીલ બનીએ. સમસ્યાઓના ઉકેલ શોધીએ. દેશપ્રેમને આપણાં મનહૃદયમાં વધારે બળવત્તર બનાવીએ. કેમ કે, આપણું અસ્તિત્વ દેશના અસ્તિત્વથી સહેજ પણ જુદું નથી.

દેશપ્રેમીઓને દેશની સ્વતંત્રતા માટે મરતાં આવડયું, આપણે દેશની સ્વતંત્રતાને ટકાવી રાખવા માટે જીવતાં શીખીએ.

ભારત માતાની જય !

૧૫ ઓગષ્ટ, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## LLM



તા. ૩૦-૭-૧૨ના રોજ યુનિવર્સિટી કેમ્પસના માવનસંશાધન વિભાગના મકાનમાં કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને એલએલ.એમ. (હ્યુમનરાઈટ ગ્રુપ)ના અનુસ્નાતક વર્ગની ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન થઈ હતી. કુલસચિવશ્રી, કાનુન વિદ્યાશાખના અધ્યક્ષશ્રી, પ્રિ. ડૉ. વિક્રમભાઈ દેસાઈ, તેમજ ડૉ. કિરણભાઈ પંડ્યા તથા પ્રોગ્રામ કો.ઓર્ડિનેટર પ્રિ. ડૉ. જે.ટી. દેસાઈ તેમજ વિભાગીય વડાઓ, યુનિવર્સિટીના અન્ય હોદ્દેદારો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કુલપતિશ્રીની દીર્ઘ દ્રષ્ટિને કારણે કાનૂન વિદ્યાશાખાના અનુભવી અને વિદ્વાન પ્રાધ્યાપકો તથા માનવસંશાધન વિભાગ મકાનનો મહત્તમ ઉપયોગ કરીને દક્ષિણ ગુજરાતના કાનૂન વિદ્યાશાખાના સ્નાતકોને અત્યારની શ્રેષ્ઠ તક પ્રાપ્ત થઈ છે.

ઉપરોકત ઘટનાથી યુનિવર્સિટી કેમ્પસમાં કાનૂન વિદ્યાશાખાના વિભાગની જે ત્રુટી હતી તે દુર થઈ છે નજીકના ભવિષ્યમાં પાંચ વર્ષનો ઈન્ટીગ્રેટેડ લો કોર્ષ શરૂ કરવાના ચક્રો ગતિમાન થયેલ છે.

કુલપતિશ્રીએ તેમના ઉદ્‌બોધનમાં શુભેચ્છા પાઠવવા ઉપરાંત જણાવ્યું હતું કે આપણે માત્ર આપણા માનવ હક અંગે જ સભાન ન રહેતા આવી ફરજો અંગે પણ સવિશેષ સભાન થવાની આવશ્યકતા છે.

કાનૂન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી ડૉ. જે.કે. પટેલ તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કો-ઓર્ડિનેટર પ્રો. ડૉ. કિરણભાઈ પંડયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ આભારવિધિ પ્રિ. ડૉ. જે.ટી. દેસાઈએ કરી હતી.



## નિમણૂંક

સોશ્યોલોજી વિભાગના એમ.એસ.ડબલ્યુ.ના આસિ. પ્રોફે. શ્રીમતી રેખાબેન એન. મિસ્ત્રીની પોલીસ કમિશ્નરશ્રી, સુરત દ્વારા જીલ્લા કક્ષાની 'કેબલ ટેલીવિઝન' નેટવર્ક અધિનિયમ પાલન માટેની મોનેટરીંગ કમિટી'ના સભ્ય તરીકે બે વર્ષ માટે નિમણૂંક કરવામાં આવી છે.

## રાષ્ટ્રીય પર્વ



કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે, કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, વિભાગીય અધ્યક્ષશ્રીઓ, યુનિવર્સિટી પરિવાર અને વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે ધ્વજવંદન કરીને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.



## MSW Program



MSW Program, Dept of Sociology, V.N.S.G.U. organized an orientation visit for the Semester I students to the Central Library, VNGSU, on Saturday 21st July 2012, at 1.00 p.m. to 2.30 p.m. It was an attempt to sensitize them regarding the collection of books in central library and their importance in the academic career. In this regard the staff of central library was co-operative and gave depth information of its precious literature materials. Overall it was a learning experience.

## Statistics Day




From year 2007 Government of India has declared 29th June, the Birth day of Prof P.C. Mahalanobis as 'Statistics Day'. On 29/6/2012, Department of Statistics has celebrated 'Statistics Day'. Dr. R.D. Patel, Prof. & Head, Deptt. of Statistics, has given in brief the introduction of Prof P.C. Mahalanobis and reasons for celebrating this day as 'Statistics Day'. Dr. C. Asok, Retired Professor of Statistics has given lecture on his stay at India Statistical Institute, Kolkata and about process of teaching, learning by Prof P.C. Mahalanobis at ISI, Kolkata. Ms. Monika Shah, Guest Faculty has given lecture about contribution of Prof. P.C. Mahalanobis in Statistics. Dr. A.J. Rajyaguru, Associate Professor in Statistics has given Lecture on contribution by Indian Statistician in Statistics. For encouraging students a quiz competition was also arranged for M.Sc. students of the department and prizes were given to winning team.

## Lecture

Department of Statistics has organized a special Guest Lecture on 'GOD PARTICLE' by Dr. P.R. Desai, Principal, P.T. Science College, Surat on 28.6.2012. He has explained in very simple way the topic which can be understood by a layman. All the students and staff of the department appreciated his lecture.

# કોલેજ ન્યૂઝ

## ઉજવણી

વી.ટી. પોદાર કોલેજ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, બી.બી.એ., પાંડેસરામાં તા. ૯-૮-૧૨ના રોજ જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે મટકી ફોડનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જે અંતર્ગત વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન કોલેજનાં પ્રા. શ્રી જતેન્દ્રભાઈ પટેલે કર્યું હતું.

## સ્પર્ધા

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં કોલેજની સ્વર્ગસ્થ વિદ્યાર્થિની પૂનમ પટેલના સ્મરણાર્થે "વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં મૂલ્યો અને કૌશલ્યોનું મહત્વ" વિષય પર યોજાયેલ સ્પર્ધામાં કુ. કલ્યાણી-પ્રથમ, શૈલી ઉપાધ્યાય-દ્વિતીય, કુ. સિદ્દિકા કુરેશી અને કુ. જયોતિ ગંગવાર-તૃતિય વિજેતા થયા હતા. સ્પર્ધાના પ્રારંભે પ્રિ. ડૉ. જે.એમ. નાયકે સ્પર્ધાની ભૂમિકા સમજાવીને આવી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા જણાવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયકો ડૉ. દિનકરભાઈ ટંડેલ અને ડૉ. ભરતભાઈ પરીખનું પુસ્તકથી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. બી.ટી. પટેલે કર્યું હતું. તદ્પરાંત તા. ૨૪-૭-૧૨ના રોજ યોજાયેલ ટ્રેડીશનલ મહેંદી સ્પર્ધામાં આરતી રાનડા-પ્રથમ, સોનલ પ્રજાપતિ-દ્વિતીય, પ્રિયંકા ભંડારી-તૃતીય તથા સિદ્દિકા કુરેશી આશ્વાસન વિજેતા રહયા હતા. અરેબીક મહેંદી સ્પર્ધામાં રીયા પટેલ-પ્રથમ, તસ્નીમ પટેલ તથા અમિષા પટેલ-દ્વિતીય, અમી સોલંકી તથા મોનાલી રાઠોડ તૃતીય તથા રુમાના જરીવાલા આશ્વાસન વિજેતા થયાં હતાં. કાર્યક્રમનું સંચાલન પ્રા. દક્ષા ઠાકોરે કર્યું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં સી.જે. રેડિયો સીટી ૯૧.૧ દ્વારા તાલીમાર્થીઓમાં રહેલી ટેલેન્ટને ઓળખ કરતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે અભિનય કળા, વાક-છટા, જનરલ નોલેજ વગેરે પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. આર. જે. શુભમ તેમજ દેવાંગ પટેલ, વિશ્રુતિ ગાંધી અને તેમની ટીમ દ્વારા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાંથી વોરા રમીઝ-પ્રથમ, પેટીવાલા ગ્રીષ્મા-દ્વિતીય વિજેતા થઈને અને કેમ્પસ જોકી તરીકે પસંદગી પામ્યા હતા. આભારવિધિ પ્રા. ભાવિકભાઈ ગજ્જરે કરી હતી.

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં યોજાયેલ વર્ષાગીત સ્પર્ધામાં પ્રથમ-પટેલ હેમાલીબેન, દ્વિતીય-પટેલ નીશાબેન અને તૃતીય-વણકર દમયંતીબેન રહયા હતા. આ કાર્યક્રમમાં આચાર્ય શ્રી કૃણાલભાઈ પંચાલ તથા સૌ અધ્યાપકોએ પણ કૃતિઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પુરોહિત ખુશ્બુબેને કર્યું. તદ્પરાંત રક્ષાબંધન પૂર્વે યોજાયેલ રાખડી બનાવવાની સ્પર્ધામાં પ્રથમ-દાહોદવાલા ફાતીમાબેન, પુરોહિત ખુશ્બુબેન-દ્વિતિય અને તૃતીય-રાણા નિલેશભાઈ, પ્રજાપતિ રાહુલભાઈ રહયા હતા. સ્પર્ધાને સફળ બનાવવા માટે સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. જિજ્ઞાશાબેન ચાવડા તથા સમગ્ર મંત્રીમંડળે જહેમત ઉઠાવી હતી.



તા. ૨૬.૨૭.૨૮/૦૭/૧૨ના રોજ નર્મદા કોલેજ, ભરૂચ ખાતે યોજાયેલ યુનિ. આંતર કોલેજ ટેબલ ટેનીસ (ભાઈઓ) સ્પર્ધામાં કુલ ૪૨ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતે એસ.પી.બી. કોલેજ, સુરતને પણ ૩-૦ થી સીધા સેટમાં હરાવીને બીજા વર્ષે પણ ચેમ્પીયનશીપનું ટાઈટલ હાંસલ કર્યું. ટુર્નામેન્ટમાં મેનેજર તરીકે પ્રા. અમીત પટેલ અને કોચ તરીકે પ્રા. જીગ્નેશ ટંડેલ રહયા હતા. આ ઉપરાંત ઓલ ઈન્ડિયા આંતર યુનિ. સીલેકશન ટ્રાયલમાં દેસાઈ ભાવિનની સતત ત્રીજી વાર અને કાપડીયા વિશ્વની પસંદગી થઈ હતી.



શ્રી મોરારજી દેસાઈ આર્ટસ-કોમર્સ કોલેજ, બુહારીમાં ભાઈઓ માટે ૧૨-૫૦ કિ.મી. અને બહેનો માટે ૫ કિ.મી.ની યુનિવર્સિટી કક્ષાની ક્રોસકન્ટ્રી રેસ ટુર્નામેન્ટને પૂર્વ જિલ્લા પંચાયત, તાપીના સભ્યશ્રી ઉદયભાઈ દેસાઈએ લીલી ઝંડી ફરકાવી શરૂ કરાવી હતી. જેમાં ૪૩ બહેનો અને ૧૪૧ ભાઈઓએ ભાગ લીધો હતો. પૂર્ણાહૂતિ પ્રસંગે જીલ્લા પંચાયતના સભ્યશ્રી મોહનભાઈ ઢોડિયા, શ્રી પોલ ડેવિડ અને શ્રી કિરીટસિંહ વાંસદિયા હાજર રહયા હતા. ઉપસ્થિત મહેમાનશ્રીઓએ પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે પ્રિ. ડૉ. જયંતિભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન કરીને શબ્દ અને પુષ્પથી સ્વાગત કર્યું હતું. આ સ્પર્ધામાં આર્ટસ-કોમર્સ કોલેજ, વ્યારા ભાઈઓ અને બહેનેમાં ચેમ્પિયન અને શ્રી મોરારજી દેસાઈ આર્ટસ-કોમર્સ કોલેજ, બુહારી રનર્સ-અપ થઈ હતી. જયારે વનરાજ આર્ટસ-કોમર્સ કોલેજ, ધરમપુર બહેનોમાં રનર્સ-અપ રહી હતી. વિજેતાઓને ટ્રોફી તથા મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. ટુર્નામેન્ટના આર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ. જયેશ બુટાણી તથા ડૉ. અશોકભાઈ બી. સોલંકીએ પીએચ.ડી. ડિગ્રી પ્રાપ્ત કરી હોવાથી તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં વાલોડ તાલુકા પોલિસ ડિપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, બુહારી, કોલેજ પરિવાર અને એન.એસ.એસ. યુનિટે સહયોગ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. અશોક બી. સોલંકી અને આભારવિધિ પ્રા. ડૉ. જયેશ બુટાણીએ કરી હતી.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત, "રંગકલા કૌશલ્ય" ધારા હેઠળ યોજાયેલ "મહેંદી" અને "આરતી શણગાર", મહેંદી સ્પર્ધામાં પ્રથમ-કુ. ડિમ્પલ જી. ભાનુશાલી અને કુ. પલક ડી.શાહ દ્વિતીય આવ્યા હતા. નિર્ણાયક તરીકે પ્રા. કુ. સોનલબેન વસાવાએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. એન.બી. સોલંકીએ કર્યું હતું. 'આરતી શણગાર'માં પ્રથમ-રાઠોડ ધવલકુમાર યુ. અને કુ. ડિમ્પલ ભાનુસાલી, કુ. જિમાલી એ. નાયક દ્વિતીય સંયુકત વિજેતા તરીકે જાહેર થયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે નીશાબેન શાહે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. વાય. જે. દેસાઈ અને પ્રા. સુધાબેન રાવલે કર્યું હતું.

ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત કોમર્સ, બી.બી.એ. તેમજ બી.સી.એ. કોલેજમાં જ્ઞાનધારા સમિતિના ઉપક્રમે તા. ૦૬-૦૮-૧૨ના રોજ "મને ગમતુ પુસ્તક સમીક્ષા સ્પર્ધા" યોજાઈ હતી. જેમાં ૧૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકોનો પરિચય આપી પુસ્તક અંગે પોતાનાં મંતવ્યો રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ પટેલ પ્રશાંત - "સ્વામી વિવેકાનંદ" ઉપર પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી એ.જી. મહેતાના માર્ગદર્શન હેઠળ જ્ઞાનધારા સમિતિના સભ્યો દ્વારા કરવામાં આવ્યું હતું.

## અભિવાદન

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના પ્રા. ડૉ. મીનાબેન શાહને એમણે લખેલ પુસ્તક 'આધુનિક નારીનું નિરૂપણ' માટે ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ તરફથી રૂા. ૫૦૦૦/-નો તૃતીય રોકડ પુરસ્કાર તથા સર્ટિફિકેટ તા. ૧૨-૭-૧૨ના રોજ મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલાના હસ્તે એનાયત કરવામાં આવેલ છે.

## પુસ્તક પ્રદર્શન



માધવ ઈન્સ્ટિટયુટ કોમ્પ્યુટર એન્ડ આઈ.ટી., બી.સી.એ. કોલેજ, સુરતમાં તા. ૩૦ અને ૩૧ જુલાઈ, ૨૦૧૨ના રોજ ગ્રંથપાલશ્રી કુ. તેજલ પટેલ અને કુ. ચેતના પરમાર દ્વારા પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ડાયરેકટરશ્રી નરેન્દ્રભાઈ ચૌધરીના વરદ હસ્તે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે યુનિવર્સિટીના ગ્રંથાલયના ઈ.ચા. ગ્રંથપાલ ડૉ. બાબુભાઈ જે. અંકુયા હાજર રહયા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને કોલેજ પરિવારે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પુસ્તક પ્રદર્શનનો લાભ લીધો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ અભ્યાસક્રમ સિવાયના જીવનમાં ઉપયોગી એવા પ્રેરણાદાયક પુસ્તકોના પ્રદર્શન દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલ વાચનપ્રેમ, પુસ્તક પ્રેમ અને ગ્રંથાલય પ્રેમ જગાડવાનો હતો.

**VNSGU**
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com